RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 310, Dt.21-3-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દિલ્હી હાઈકોર્ટના જજના નિવાસસ્થાનેથી મળ્યો કરોડોનો દલ્લો

## દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વર્માના નિવાસે લાગેલી આગ બુઝાવવા ગયેલા ફાયરબ્રિગેડને જંગી માત્રામાં રોકડ સાથેના બોક્સ મળી આવતા સુપ્રીમ કોર્ટ પણ ચોંકી ઉઠી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિલ્હી હાઈકોર્ટના જજના ઘરમાં લાગેલી આગથી એક મોટું રહસ્ય ખુલ્યું છે. હાઈકોર્ટના એક જજના ઘરેથી નોટોનો ઢગલો મળી આવ્યો છે. આ ઘટનાએ ન્યાયિક ગલિયારામાં ખળભળાટ મચાવી દીધો છે. આ મામલો એટલો ગંભીર હતો કે સુપ્રીમ કોર્ટના કોલેજિયમને હસ્તક્ષેપ કરવો પડ્યો અને પછી તે જજને બીજી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા પડ્યા.

જે સમયે આગ લાગી તે સમયે હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્મા શહેરની બહાર હતા. જ્યારે આગ લાગી ત્યારે તેના પરિવારના સભ્યોએ ફાયર બ્રિગેડ અને પોલીસને ફોન કર્યો. આગ ઓલવ્યા પછી, જ્યારે બચાવ ટીમ અંદર ગઈ, ત્યારે તેઓ એક રૂમમાં નોટોનો ઢગલો જોઈને આદ્ભર્યચકિત થઈ ગયા. આની જાણ તાત્કાલિક અધિકારીઓને કરવામાં આવી અને રિકવરી રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો. પહેલી નજરે, આ રકમ બેનામી લાગી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, સ્થાનિક પોલીસે તેમના વરિષ્ઠ અધિકારીઓને ઘટના વિશે જાણ કરી. થોડી જ વારમાં આ સમાચાર સરકારના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચી ગયા. તેમણે તાત્કાલિક ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ને આ અંગે જાણ કરી. આ બાબતને ગંભીરતાથી લેતા, CJI ખન્નાએ તાત્કાલિક કોલેજિયમની બેઠક બોલાવી. કોલેજિયમે સર્વાનુમતે જસ્ટિસ વર્માને તાત્કાલિક ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધો. જસ્ટિસ વર્માને તેમના મૂળ હાઈકોર્ટ, અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેઓ ઓક્ટોબર ૨૦૨૧ માં અલ્હાબાદથી દિલ્હી હાઈકોર્ટમાં આવ્યા હતા.

જોકે, પાંચ ન્યાયાધીશોના કોલેજિયમના કેટલાક સભ્યોનું માનવું હતું કે આવી ગંભીર ઘટનામાં ફક્ત ટ્રાન્સફર પૂરતું નથી. આનાથી ન્યાયતંત્રની છબી તો ખરાબ થશે જ, પણ લોકોનો સંસ્થા પરનો વિશ્વાસ પણ ઓછો થશે. તેમણે કહ્યું કે જસ્ટિસ વર્માને રાજીનામું આપવાનું કહેવું જોઈએ. જો તેઓ આમ ન કરે, તો ભારતના મુખ્ય ન્યાયાધીશે સંસદમાંથી દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરતા પહેલા આંતરિક તપાસનો આદેશ આપવો જોઈએ. બંધારણ મુજબ, સુપ્રીમ કોર્ટે ૧૯૯૯ માં હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના કોઈપણ ન્યાયાધીશ સામે ભ્રષ્ટાચાર, અનિયમિતતા અથવા ગેરવર્તણૂકના આરોપોની તપાસ કરવા માટે એક ઈન-હાઉસ પ્રક્રિયા બનાવી હતી. આ પ્રક્રિયા હેઠળ,CJI પહેલા સંબંધિત ન્યાયાધીશ પાસેથી સ્પષ્ટતા માંગે છે. જો જવાબ સંતોષકારક ન હોય અથવા આ મામલાને વધુ ઊંડાણપૂર્વક તપાસની જરૂર હોય, તો ઈંડઈ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અને બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની બનેલી આંતરિક તપાસ સમિતિની રચના કરી શકે છે.



સુપ્રીમ કોર્ટે ૧૯૯૯માં બંધારણીય અદાલતોના ન્યાયાધીશો સામે ભ્રષ્ટાચાર, ગેરવર્તણૂક અથવા અન્ય કોઈપણ અયોગ્યતાના આરોપોનો સામનો કરવા માટે એક આંતરિક પ્રક્રિયા વિકસાવી હતી. આ અંતર્ગત, CJIફરિયાદ મળવા પર જજ પાસેથી જવાબ માંગે છે. જો CJI ન્યાયાધીશના જવાબથી સંતુષ્ટ ન હોય અથવા તેમને લાગે કે આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ, તો તેઓ આંતરિક તપાસ સમિતિની રચના કરી શકે છે. આ સમિતિમાં સુપ્રીમ કોર્ટના એક ન્યાયાધીશ અને બે ઉચ્ચ ન્યાયાલયોના મુખ્ય ન્યાયાધીશોનો સમાવેશ થાય છે.

### ન્યાયમૂર્તિ સામે શું પગલા લેવાઈ શકે?

* હાઈકોર્ટ તથા સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિએ બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિ ગણાય છે તેની તેમની સામે ભ્રષ્ટચાર કે તેવી ફરિયાદો સામે કાર્યવાહીની એક અલગ પ્રક્રિયા છે.
* સૌ પ્રથમ દોષીત જણાયે ન્યાયમૂર્તિને રાજીનામુ આપવા જણાવાઈ શકે છે.
* જો રાજીનામુ આપવા ઈન્કાર કરે તો તેમની સામે ઈનહાઉસ એટલે કે ન્યાયતંત્રની જ તપાસ શરૂ થાય છે.
* જેમાં ફરિયાદ પરથી મુખ્ય ન્યાયમૂર્તિ સુપ્રીમકોર્ટના એક જજના વડપણ હેઠળ બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની તપાસ કમીટી રચે છે.
* જો જજની સામેના આક્ષેપો કે ફરિયાદ ગંભીર પ્રકારની હોય તો તેમને હોદા પરથી દુર કરવા સંસદને અધિકાર છે.
* અગાઉ ૨૦૦૮માં રૂા.૧૫ લાખની રોકડ ધરાવતું એક પેકેટ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નિર્મલજીત કૌરના નિવાસે અપાયું હતું જેની તપાસ થતા આ પેકેટ ન્યાયમૂર્તિને જ આપવા માટે હોવાનું સાબીત થયુ હતુ અને તે મુજબ કાર્યવાહી થઈ હતી.

# દેશના અનેક રાજ્યોમાં પારો ૪૩ ડિગ્રીને પાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નવી દિલ્હી તા.૨૧: પહેલી ગરમ રાત ૧૫ માર્ચ, ૨૦૨૫ના રોજ ઓડિશા અને ઝારખંડમાં નોંધાઈ હતી, જ્યારે ગયા વર્ષે ૨૦૨૪માં ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૭ માર્ચે આ સ્થિતિ જોવા મળી હતી. દેશમાં તાપમાન ઝડપથી વધી રહ્યું છે, જેના કારણે આ વખતે ફેબ્રુઆરીમાં જ ગરમીની અસર દેખાવા લાગી હતી. ભારતીય હવામાન વિભાગ દ્વારા વ્યાખ્યાયિત કરાયેલ શિયાળાના ફેબ્રુઆરી મહિનામાં પહેલી વાર ગરમીનું મોજું આવ્યું. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ, ગોવા અને મહારાષ્ટ્રમાં આ વર્ષની પહેલી ગરમીનો અનુભવ થયો.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૨૫ વર્ષમાં ફેબ્રુઆરીમાં આટલી ભારે ગરમી ક્યારેય જોવા મળી નથી. તાજેતરના વર્ષોમાં, ગરમીના મોજા ફક્ત વહેલા જ નથી આવી રહ્યા, પરંતુ તેમની તીવ્રતા પણ વધી રહી છે. ભારતમાં સૌથી વધુ તાપમાન ૧૬ માર્ચ ૨૦૨૫ના રોજ ઓડિશાના બૌધ ખાતે ૪૩.૬ જીસેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. ઝારસુગુડા અને બોલાંગીરમાં પણ અનુક્રમે ૪૨ અને ૪૧.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન, ભારતના ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતા ત્રણ થી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. ૧૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન, દેશના ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછા એક દિવસ માટે રાત્રિનું તાપમાન સામાન્ય કરતા વધારે નોંધાયું હતું. નોંધનીય છે કે, ઓડિશા અને ઝારખંડમાં પહેલીવાર ૧૫ માર્ચ, ૨૦૨૫ના રોજ ગરમી પડશે, જ્યારે ૨૦૨૪માં તે અનુક્રમે ૫ એપ્રિલ અને ૨૯ મેના રોજ નોંધાઈ હતી. ઓડિશા સહિત દસ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતાં ૫.૧ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. ૧૨ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ઓડિશામાં આ બે વાર બન્યું. ઈંખઉ અનુસાર, આ જ સમયગાળા દરમિયાન, ઉત્તરપશ્ચિમ ભારતના બે સ્થળો, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરમાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતા ૫.૧ ડિગ્રી



સેલ્સિયસ કે તેથી વધુ નોંધાયું હતું.

હિમાચલ પ્રદેશ અને કેરળ જેવા ભારતીય રાજ્યો સહિતના ઘણા પર્વતીય વિસ્તારો, જેમણે ભૂતકાળમાં ગરમીનો અનુભવ કર્યો નથી, ત્યાં પણ હવે ભારે તાપમાનની આવર્તન વધી રહી છે. કર્ણાટકમાં ૨૦૩૦ સુધીમાં ૨.૦ઓઈ સુધી ગરમી પડવાનો અંદાજ છે, જેના કારણે આ પ્રદેશ ભારે ગરમી માટે વધુ સંવેદનશીલ બનશે, જેનાથી સંવેદનશીલ વસ્તી માટે વધુ જોખમ ઊભું થશે.

રાત્રે શહેરી ગરમી ટાપુની અસર વધુ અસરકારક બને છે

# બિહાર વિધાનસભામાં વિપક્ષના દેખાવો



બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર દ્વારા રાષ્ટ્રગીતના અપમાન મુદે હવે વિવાદ ચગ્યો છે અને બિહાર વિધાનસભામાં આ મુદે વિપક્ષ રાષ્ટ્રીય જનતાદળે ભારે હંગામો કરતા ફકત આઠ મિનિટમાં જ ગૃહ મુલત્વી રાખવુ પડયુ હતું. વિપક્ષના નેતા તેજસ્વી યાદવે નિતીશકુમાર દેશની માફી માંગે તેવી માંગણી કરી છે. આજે સદનની કાર્યવાહી શરુ થતા પહેલા વિપક્ષના સભ્યો વિધાનસભાના સંકુલમાં નિતીશકુમાર વિરુદ્ધ પોષ્ટર દર્શાવીને પ્રદર્શન કર્યુ હતું. પુર્વ મુખ્યમંત્રી રાબડીદેવી પણ તેમાં જોડાયા હતા અને વિધાનસભાની કાર્યવાહી શરુ થતા જ વિપક્ષોએ આ મુદે ધમાલ મચાવતા આઠ મીનીટ માંડ ગૃહ ચાલ્યુ હતું.

# સક્ષમ મહિલાઓ ભરણપોષણની માગણી ન કરી શકેઃ દિલ્હી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સક્ષમ મહિલાઓએ ભરણપોષણની માગણી ન કરવી જોઈએ તેમ કહ્યું હતું. ન્યાયાધીશ ચંદ્રધારી સિંહે ચુકાદો આપતાં કહ્યું કે, પતિ-પત્ની વચ્ચે સમાનતા હોવી જોઈએ. પત્ની, બાળકો અને માતા-પિતાને સુરક્ષા આપવાની વાત કરે છે પરંતુ તેઓ બેકાર બેઠા રહેવાને પ્રોત્સાહન આપતા નથી.

હાઈકોર્ટે મહિલાની અરજીને નકારી કાઢી હતી. જેમાં તેણે પતિથી અલગ થઈને ભરણપોષણની માંગ કરી હતી. ન્યાયાધીશ સિંહે કહ્યું, એક સારી શિક્ષિત પત્ની, જેને નોકરીનો સારો અનુભવ હોય, તેણે ફક્ત પતિ પાસેથી ભરણપોષણ મેળવવા માટે ખાલી ન બેસવું જોઈએ.

તેથી, હાલના કેસમાં વચગાળાના ભરણપોષણની માંગણી ટકી શકે નહીં, કારણ કે આ કોર્ટને લાગે છે કે અરજદાર પાસે કમાવવાની અને શિક્ષણ મેળવવાની ક્ષમતા છે.

આ દંપતીએ ડિસેમ્બર ૨૦૧૯ માં લગ્ન કર્યા અને બંને સિંગાપોર રહેવા ગયા. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે તેના પતિ અને તેના પરિવારના સભ્યો પર થયેલા અત્યાચારને કારણે તે ફેબ્રુઆરી ૨૦૨૧ માં ભારત પાછી ફરી હતી. તેણીએ દાવો કર્યો હતો કે ભારત પાછા ફરવા માટે તેણીને તેના ઘરેણાં વેચવા પડ્યા હતા અને આર્થિક મુશ્કેલીઓને કારણે તેણી તેના મામા




સાથે રહેવા લાગી હતી.

જૂન ૨૦૨૧ માં, તેણીએ તેના પતિ પાસેથી ભરણપોષણની માંગણી કરતી અરજી દાખલ કરી. નીચલી કોર્ટે અરજી ફગાવી દીધી હતી, ત્યારબાદ તેમણે હાઈકોર્ટનો સંપર્ક કર્યો. પતિએ અરજીનો વિરોધ કરતા કહ્યું કે તે કાયદાનો દુરુપયોગ છે. મહિલા ઉચ્ચ શિક્ષિત અને કમાણી કરવા સક્ષમ હતી છતાં ન કર્યું. કોર્ટે કહ્યું કે મહિલા ફક્ત બેરોજગારીના આધારે ભરણપોષણનો દાવો કરી શકતી નથી.

# છેલ્લા ૧૦ વર્ષમાં ૨૩૦૦૦ ગુજરાતીઓએ વિદેશી નાગરિકતા મેળવી

## પાસપોર્ટ સરેન્ડર કરાવવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા ક્રમે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

વિશ્વ પ્રવાસી તરીકે જાણીતા ગુજરાતીઓ હવે વિશ્વના ખૂણે ખૂણે વસી રહ્યા છે. વર્ષ ૨૦૨૪માં દર મહિને ૧૫ અમદાવાદીઓને વિદેશી નાગરિકતા મળતા ભારતીય નાગરિકતા ત્યજીને તેમનો ભારતીય પાસપોર્ટ સરેન્ડર કર્યો હોવાનું અમદાવાદ રિજિયોનલ પાસપોર્ટ ઓફિસ તરફથી જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સૂત્રો મુજબ દેશભરમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૩૦૦૦ ગુજરાતીઓએ વિદેશી નાગરિકતા મેળવી ભારતીય પાસપોર્ટ સરેન્ડર કર્યા છે. જેમાંથી મોટાભાગના ગુજરાતીઓ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા બાદ હવે ધીમે ધીમે યુરોપના દેશોમાં વસી રહ્યા છે. કોવિડ બાદ નવા અને રિન્યૂ પાસપોર્ટની એપ્લિકેશનમાં જબરદસ્ત ઉછાળો નોંધાયો હતો. બીજીબાજુ ગુજરાતીઓમાં છેલ્લા કેટલાક વર્ષોમાં અમેરિકા, કેનેડા સહિતના યુરોપના દેશોમાં સેટલ થવાની જબરદસ્ત હોડ લાગી છે. જેને લીધે સંખ્યાબંધ લોકો પરમેનન્ટ રેસિડેન્ટ, વર્ક પરમીટ તેમજ સ્ટુડન્ટસ વિઝા ઉપર વિદેશ જવા માટે લાખો રૂપિયા ખર્ચી રહ્યા છે.

જેમાંથી ઘણાં લોકોને લાંબાગાળે વિદેશની નાગરિકતા મળે છે. જેમાં ૫૦ ટકાથી વધુ ગુજરાતીઆ અમેરિકા અને કેનેડાની નાગરિકતા મેળવે છે. જ્યારે અન્ય યુરોપના દેશોમાં જાય છે. જોકે હવે અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં નિયમો વધુ કડક થતા નાગરિકતા કે વિઝા મળવા મુશ્કેલ બન્યા છે.



બીજીબાજુ કેનેડામાં મંદીને પગલે નોકરીની ઉજળી તકોનો અભાવ સર્જાયો છે. પરિણામે હવે ધીમે ધીમે ગુજરાતીઓ યુરોપના દેશો તરફ વળ્યા છે. જેમાં ખાસ કરીને ઓસ્ટ્રીયા, ડેન માર્ક, ફ્રાન્સ, જર્મની, આયરલેન્ડ, 'નેધરલેન્ડ અને ન્યૂઝીલેન્ડની નાગરિકતા મેળવી રહ્યા છે.

ભારતીય નાગરિકતા છોડનાર નાગરિકે પાસપોર્ટ સરેન્ડર કરી સરેન્ડર સર્ટિફિકેટ લેવું પડે છે. સામાન્ય રીતે વિદેશ જઈ સેટલ થવામાં ગુજરાતીઓ મોખરે હોવાનું માનવામાં આવે છે. પરંતુ હકીકતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિદેશી નાગરિકતા મળતા પાસપોર્ટ સરેન્ડર કરવામાં દિલ્હી બાદ પંજાબ અને ત્રીજો નંબર ગુજરાતનો આવે છે. પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હીના ૬૦૪૧૪, પંજાબના ૨૮૧૧૭ અને ગુજરાતના ૨૨૩૦૦ નાગરિકોએ વિદેશી નાગરિક્તા મળતા તેમના પાસપોર્ટ સરેન્ડર કર્યા છે.

# રાજકોટ સહિત રાજ્યભરમાં ડબલઋતુ નો અહેસાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં છેલ્લા કેટલાંક દિવસોથી ડબલ ઋતુ અનુભવાઈ રહી છે. સવાર-સાંજ ભેજવાળા ઠંડા પવનો અને બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ગઈકાલે રાજકોટ સહિત અનેક સ્થળોએ ૩૦ થી ૩૭ ડિગ્રી મહતમ તાપમાન રહ્યું હતું.

જયારે ગઈકાલે કચ્છમાં વેસ્ટર્ન ડિસ્ર્ટબન્સનાં કારણે ભુજ અને નખત્રાણામાં કમોસમી વરસાદ પડતા ખેડુતો ચિંતીત થયા હતા. પશ્ચિમ કચ્છના ભુજ અને નખત્રાણા વિસ્તારમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો, નખત્રાણાના પાવરપટટી અને ઉલટ વિસ્તારમાં વરસાદી ઝાપટા પડયા. ગઈકાલે બપોર બાદ આકાશમાં વાદળછાયુ વાતાવરણ



જોવા મળ્યું હતું.

ભુજ શહેરમાં સાંજના સમયે કેટલાક વિસ્તારોમાં પવન સાથે સામાન્ય છાંટા પડયા હતા. આ ઉપરાંત તાલુકાના કોડકી-મખણા વચ્ચેના વાડી વિસ્તારમાં પણ વરસાદનું ઝાપટુ નોંધાયુ હતું. જેથી વરસાદના કારણે માર્ગો ભીંજાઈ ગયા હતા. આ કમોસમી વરસાદના કારણે કેસર કેરીના પાક્ની સલામતી અંગે ખેડુતોમાં ચિંતા જોવા મળી રહી છે.

જયારે જામનગર શહેરમાં મહતમ તાપમાનનો પારો આંશિક ફેરફાર સાથે ૩૩.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૫ ડિગ્રી નોંધાયું હતું.જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૮ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૮.૬ કિમિ નોંધાઈ છે.

# કાલથી આઈપીએલનો પ્રારંભઃ ભવ્ય ઓપનિંગ સેરેમની

## ઉદઘાટન સમારોમાં અભિનેત્રી દિશા પટણી, ગાયીકા શ્રેયા ઘોષલ અને અરિજીત સિંહ સહિતના કલાકારો જમાવટ કરશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આવતીકાલે આઈપીએલ શરૂ થઈ રહી છે. પ્રથમ મેચમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર એકબીજા સામે ટકરાશે. બંને ટીમો વચ્ચેની મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાશે. આ પહેલા એક રંગારંગ ઉદ્ધાટન સમારોહ થશે. આ ઉદ્ધાટન સમારોહમાં ઘણા પ્રખ્યાત ચહેરાઓ જોવા મળશે. આઈપીએલ ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ અભિનેત્રી દિશા પટણી ઉપરાંત ગાયિકા શ્રેયા ઘોષાલ અને અરિજિત સિંહ જેવા જાણીતા ચહેરાઓ જોવા મળશે. આઈપીએલે તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા આ માહિતી આપી છે.

એવું માનવામાં આવે છે કે આઈસીસી ચેરમેન જય શાહ સાથે, ઘણા વરિષ્ઠ અધિકારીઓ આઈપીએલ ઉદ્ધાટન સમારોહમાં ભાગ લેશે. દરમિયાન, ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ ના પ્રમુખ તોહાશિષ ગાંગુલીએ કહ્યું, 'આ એક માર્કી મેચ છે જેમાં ટિકિટની માંગ ખૂબ જ વધારે છે. ઈડન ગાર્ડન્સ લાંબા સમય પછી ઉદ્ધાટન સમારોહનું આયોજન કરવા માટે તૈયાર છે.

જયારે આઈપીએલના પ્રસારણ અધિકારો સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક પાસે છે. જયારે લાઈવ સ્ટ્રીમીંગ અધિકારો જીયો સીનેમા પર જઈ શકાય છે. આ રીતે આઈપીએલ ઉદઘાટન સમારાહ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક ઉપરાંત જીયો સીનેમા પર પણ ઉપલબ્ધ થશે. તમને જણાવી દઈએ કે ડિફેન્ડીંગ ચેમ્પિયન કોલકતા નાઈટ રાઈડર્સ પહેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે મેદાનમાં ઉતરશે.

આ વર્ષે ૧૦ ટીમો વચ્ચે ૧૩ સ્થળોએ ૬૫ દિવસમાં કુલ ૭૪ મેચો રમાશે, જેમાં ૭૦ લીગ રાઉન્ડ અને ચાર પ્લેઓફ મેચો સામેલ હશે. ફાઈનલ સહિત તમામ પ્લેઓફ મેચ હૈદ્રાબાદ અને કોલકતામાં ૨૦ થી ૨૫ મે દરમિયાન રમારે. હૈદરાબાદ ૨૦ મે, ૨૦૨૫ અને ૨૧ મેના રોજ કવોલીફાયર ૧ અને એલીમીનેટરનું આયોજન કરશે. આ પછી




કોલકતામાં ૨૩મે ૨૦૨૫ના રોજ કવોલીફાયર ૨ અને ૨૫ મેના રોજ ફાઈનલનું આયોજન કરશે. આઈપીએલ ૨૦૨૫માં કુલ ૧૨ ડબલ હેડર છે. ડબલ હેડરના દિવસે પ્રથમ મેચ બપોરે ૩:૩૦ વાગ્યાથી અને બીજી મેચ સાંજે ૭:૩૦ વાગ્યાથી રમાશે

# ઉનામાં પોલીસનું ચેકિંગ: અસામાજિક તત્વો પર પોલીસની લાલ આંખ

■ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લામાં ૪ ગુજસીટોકના ગુન્હા



**મુખ્ય સમાચાર ઉના અબ્દુલ પઠાણ**

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના ૧૦૦ કલાકમાં ગુન્હેગારો સામે કાર્યવાહીના આદેશના પગલે ગીર સોમનાથ જિલ્લા પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, ૧૩૫ ગુન્હેગારોની યાદી તૈયાર કરવામાં આવી છે પોલીસે સ્ટાફની જુદી જુદી ટીમો બનાવીને કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું છે. ગુન્હેગારોના ઘરોમાં ચેકિંગ દરમિયાન એ ઘરમાંથી તલવાર અને રોકડ રકમ મળી આવી છે પણ આવી છે જિલ્લામાં હાલમાં ૪૦ થી વધુ ગુન્હેગારો જેલમાં છે ૧૩૫ ગુન્હેગારો પૈકી ૨૫ થી વધુ શખ્સો વિરુદ્ધ અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસે ગુન્હેગારોની ગેરકાયદેસર મિલકત અને અન્ય પ્રવૃત્તિઓની વિગતો એકત્રિત કરી છે નોંધનીય છે કે જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૨૦૦ જેટલા ડિમોલેશન કરવામાં આવ્યા છે જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના નેતૃત્વમાં આ સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે પોલીસની આ કાર્યવાહીથી જિલ્લામાં ગુન્હાખોરી પર અંકુશ લાવવામાં મદદ મળશે

# જામકંડોરણાના રાયડી ગામે નારી સંમેલન યોજાયું

## અંદાજે ૨૦૦ મહિલાઓને યોજનાઓ તથા સહાય અંગે અપાયું માર્ગદર્શન



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના અધ્યક્ષ સ્થાને જામકંડોરણાના રાયડી મુકામે નારી સંમેલન યોજાયું હતું. ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર તેમજ સંકલિત બાળ વિકાસ યોજના કચેરી જામકંડોરણા દ્વારા મહિલાઓને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બનાવવા તેમજ ગ્રામીણ મહિલાઓ સુધી કાયદાનું જ્ઞાન પહોંચે તે હેતુથી નારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પંચાયત પ્રમુખ રંગાણીએ જણાવ્યું હતું કે, પહેલાંના સમયમાં સ્ત્રીઓ ઘરનો ઉંબરો ઓળંગી શકતી નહોંતી. આજે આ સ્ત્રીઓ ઉંબરો નહીં પૃથ્વી વળોટી નવી દિશામાં આગળ વધી રહી છે. સ્ત્રીઓમાં સુષુપ્ત શકિતઓ રહેલી છે પરંતુ તે તેઓની અંદર રહેલા ડરથી પર બન્યા બાદ જ બહાર આવશે. સ્ત્રીઓએ પોતાની શકિતઓનું સમાજના હિતમાં યોગદાન આપવું જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓને સશક્ત બનાવવા ભ્રૂણ હત્યા નાબૂદીથી માંડી તેમને આર્થિક સશક્ત બનાવવા સુધીની વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. દેશ તો જ મજબૂત બનશે, જો તેનું ભાવિ ઘડતર કરનાર મહિલાઓ મજબૂત હશે, આ માટે જ તમામ મહિલાઓને પોતાની શક્તિઓને જાણી જાગૃત બનવા સંકલ્પ લેવા પંચાયત પ્રમુખ રંગાણીએ અપીલ કરી હતી. આ પ્રસંગે આરોગ્ય સમિતિના ચેરમેન લીલાબેન ઠુંમરે મહિલાઓને નિ:સંકોચ બની આગળ વધવા સાથે ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરવા આહવાન આપ્યું હતું. તો મહિલા અને યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષ કંચનબેન બગડાએ હળવી શૈલીમાં મહિલાઓને જાગૃત થવા પર ભાર મૂક્યો હતો. આ સાથે તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓ કોઈ પણ પરિસ્થિતિમાં સંઘર્ષ, સહજતા અને કુનેહથી તમામ કાર્ય પાર પાડી શકે છે ત્યારે ભવિષ્યની પેઢીને તૈયાર કરવામાં દીકરીઓને શિક્ષણ આપી તેમને ઉન્નત શિખરે પહોંચાડવા માટે આજની મહિલાઓએ યોગદાન આપવું જોઈએ. સંમેલન ખાતે ૧૮૧ અભયમ હેલ્પલાઈનના લતાબેન ચૌધરીએ હેલ્પલાઇન વિશે માહિતી આપી, એપ્લિકેશનના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે જ સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલરએ તમામ સેવાઓ વિશે વિગતવાર જાણકારી આપી હતી. જામકંડોરણા તાલુકાના નારી અદાલતના કો-ઓર્ડીનેટર મિતલબેન કંડોરીયાએ સ્ત્રીઓના આધુનિક સ્વરૂપ વિષે જણાવી સ્ત્રી પુરુષ સમાનતા, કામકાજના સ્થળે સ્ત્રીઓની સુરક્ષા, નારી અદાલતની કામગીરી અને ન્યાયિક પ્રક્રિયા વિશે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન ટીલાળા,મહિલા અને બાળ કલ્યાણ ચેરમેન કંચન બેન બગડા જામકંડોરણા તાલુકા પંચાયત પ્રમુખશ્રી મીરાબેન દેસાઈ, ઉપપ્રમુખ વિજયદાન માવળ, જિલ્લા પંચાયતના સદસ્ય જ્યોત્સનાબેન પાનસુરીયા, જામકંડોરણા તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ વલ્લભભાઈ સાવલિયા, સરપંચ લીલાવંતીબેન રાણપરીયા, સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન શેરસીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અલ્પેશભાઈ ગોસ્વામી, અગ્રણી જયંતીભાઈ પાનસુરીયા, સુરેશભાઈ દેસાઈ, કાંતિભાઈ રાણપરીયા,મનિષાબેન બાલધા સહિત અંદાજે ૨૦૦ મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા વિજ વિભાગને સાથે રાખીને વિજ ચોરો સામે વધુ ૧૦૦થી વધુ સ્થળે ચેકીંગ

## જામનગરના વીજ પોલીસ મથકમાં ગઇકાલે વધુ ૪૯ સહિત કુલ ૨૨૮ વિજ ચોરીના ગુના નોંધાયા: દોઢ કરોડથી વધુનો દંડ કરાયો



જામનગર જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા અસામાજિક તત્વો સામે છેલ્લા ત્રણ દિવસથી કડક હાથે કામ લેવામાં આવી રહ્યું છે. અને જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુ ના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર શહેર જિલ્લામાં મોટાપાયે પોલીસ દ્વારા વિજ ચોરી સંદર્ભે પણ અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. તેમાંય ખાસ કરીને બુટલેગરો સહિતના શખ્સો ના રહેણાંક મકાનો પર વિજ તંત્રને સાથે રાખીને ગઈકાલે ૧૦૦ થી વધુ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં વધુ ૪૯ ઘરોમાં વીજ ચોરી થતી હોવાનું ધ્યાનમાં આવ્યું છે, અને આ અંગેના અલગથી ગુનાઓ નોંધવામાં આવી રહ્યા છે.છેલ્લા ૪ દિવસ દરમિયાન વીજ પોલીસ મથકમાં કુલ ૨૨૮ જેટલા વિજ ચોરી ના ગુના નોંધવામાં આવ્યા છે. જેમાં સૌપ્રથમ દિવસે ૧૧ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, ત્યારબાદ બીજા દિવસે ૫૩ ગુના નોંધવામાં આવ્યા હતા, ત્રીજા દિવસે ૯૫ અને ગઈકાલે મોડી રાત્રી સુધીમાં વધુ ૪૯ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ રહી હતી, અને છેલ્લા ચાર દિવસ દરમિયાન ૨૨૮ થી વધુ વીજ ચોરીના ગુના દાખલ કરવામાં આવ્યા છે, અને તેમાં કુલ એક કરોડ પચાસ લાખ નો વીજ ચોરીનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# રામ રહીમ ફાઉન્ડેશન દ્વારા ચોટીલામાં ચકલીના માળા અને પક્ષીને પીવાના પાણીના કુંડાનું વિનામૂલ્ય વિતરણ કરવામાં આવ્યું



(અહેવાલ : જ્યોતિબેન સીતાપરા) ચોટીલા પંથકમાં છેલ્લા ૨૦ વર્ષથી એટલે કે બે દાયકાથી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા રામ રહીમ ફાઉન્ડેશન દ્વારા ચોટીલામાં દર વર્ષે ૨૦ માર્ચના રોજ ચકલી દિવસની ઉજવણી નિમિત્તે વિનામૂલ્યે ચકલી ઘર અને પક્ષીને પાણી પીવાના કુંડાનું વિતરણ કરવામાં આવે છે જે નિમિત્તે ચામુંડા રોડ સ્થિત રામ રહીમ ફાઉન્ડેશન કાર્યાલય ખાતે સાંજે ૦૪:૦૦ વાગ્યે લીંબડી અજરામર સંપરદાયના પૂજ્ય શાસન પ્રભાવક આચાર્ય ડો.પ્રકાશ ચન્દ્ર સ્વામીજીની નીશ્રામાં શુભ હસ્તે અને દાતાઓની હાજરીમાં આ વિતરણ કરવામાં આવ્યું હતું. આજે ૨૦૦૦ ચકલી ઘર અને ૨૦૦૦ જેટલા પક્ષીને પાણી પીવાના કુંડાનું વિતરણ કરીને જીવ દયાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી સંસ્થાએ ચોટીલા શહેર સહિત આજુબાજુની ગામની પ્રાથમિક શાળાઓ અને સીમાડાઓમાં અને ગામડાના વાડી વિસ્તારમાં ખેડૂતોને આ કુંડા નું વિતરણ કરવામાં આવ્યું જેના કારણે આ ઉનાળાની ગરમીમાં ભર બપોરે પક્ષીને પીવાનું પાણી મળી રહે અને આપણું પારિવારિક પક્ષી આપણી વચ્ચેથી લુપ્ત થતી ચકલીને માળો મળે એ હેતુથી ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું જેથી આપણી વચ્ચે ચકલી હમેશા રમતી રહે. રામ રહીમ ફાઉન્ડેશન-ચોટીલા અને સોની જશવંતલાલ ઝીણાભાઈ જ્વેલર્સ શોરૂમ તરફથી આ ચકલીના માળા અને પક્ષીને પાણી પીવાના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું આ તકે અરિહંત ઈન્ડસ્ટ્રીઝ વાળા મનસુખલાલ શાહ અને સોની જશવંતલાલ ઝીણાભાઈ શોરૂમ વાળા જશુભાઈ સોની અને લાલાભાઈ સોની ખાસ ઉપસ્થિત રહીને આ સેવાનો લાભ લીધો હતો. આ કાર્યને સફળ બનાવવા માટે રામ રહીમ ફાઉન્ડેશન ચોટીલાના પ્રમુખ મોહસીનખાન પઠાણ, ઉપપ્રમુખ મેહુલભાઈ ખંધાર,જ્યોતિબેન સીતાપરા, પાયલબેન મોરી,ગોપાલભાઈ જાદવ, મોઈન ખાન પઠાણ, સહિત ધવલભાઈ કોરડીયા અને બળદેવભાઈ કોરડીયા જેવા પક્ષિપ્રેમીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ટંકારા વિસ્તારમાં માથાભારે ઇસમો વિરુદ્ધ પોલીસની કડક કાર્યવાહી: ગેરકાયદે દબાણ હટાવવામાં આવ્યા



મોરબી જીલ્લામાં અસામાજિક અને ગુંડાતત્વો સામે કડક કાર્યવાહી ઝુંબેશ અંતર્ગત ટંકારા વિસ્તારમાં અવાર-નવાર ગુનાઓમાં સંડોવાયેલા માથાભારે ઈસમો સામે કડક કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં ટંકારા નગરપાલિકા અને ટંકારા પોલીસ સ્ટાફ દ્વારા અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યા હતા. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના આદેશ અને નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડાના માર્ગદર્શન હેઠળ ટંકારા પોલીસ સ્ટેશન હદમાં અવાર-નવાર ગુનાઓમાં સંડોવાયેલા માથાભારે ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત હાજીશા ઉર્ફે મુન્નો આતંક હુશેનશા શેખ રહે. ટંકારા કલ્યાણપર રોડ અને રજાક ઉર્ફે કલૂ હાસનભાઈ મકવાણા રહે. ટંકારા દ્વારા ટંકારા શહેરમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ હોય જે દબાણો ટંકારા નગરપાલિકા અને ટંકારા પોલીસ સ્ટાફે સંયુક્ત કાર્યવાહી કરીને તેમના ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યા છે.

# મોટા થાવરીયા ગામમાં ૩૩૧ પેટી ઈંગ્લિશ દારૂનો જંગી જથ્થો ઝડપાયો



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર તાલુકાના મોટા થાવરીયા ગામમાં એક વાડીમાં કેટલાક બુટલેગરો દ્વારા ટ્રકમાંથી મોટા પાયે ઈંગ્લિશ દારૂના માતબર જથ્થા નું કટીંગ કરવામાં આવી રહયું છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે ગઈકાલે રાત્રે બે વાગ્યાના અરસામાં પંચકોસી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો.જે દરોડા દરમિયાન ભારે નાશભાગ થઈ હતી. અને બુટલેગરો ૩૩૧ પેટી ઈંગ્લીશ દારૂ નો જંગી જથ્થો, ટ્રક, બોલેરો અને સ્કૂટર વગેરે છોડીને ભાગી છુટ્યા હતા. પોલીસે રૂપિયા ૩૮.૪૩ લાખની માલમતા કબજે કરી લઈ પાડી માલિક ઉપરાંત વાહન ના નંબરોના આધારે બુટલેગરોની શોધખોળ હાથ ધરી છે.

જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ ને ગઈકાલે રાત્રે ચોક્કસ બાતમી મળી હતી, કે મોટા થાવરીયા ગામ પાસે એક ટ્રકમાં ઈંગ્લિશ દારૂનો માતબર જથ્થો ઘુસાડવામાં આવ્યો છે, અને બોલેરો માં કટીંગ કરવામાં આવી રહ્યું છે. કેટલાક બુટલેગરો રાત્રિના અંધારામાં આ કાર્યવાહી કરી રહ્યા છે, જે બાતમી ના આધારે મોડી રાત્રે પોલીસે દરોડો પાડ્યો હતો. જે સમયે ભારે નાશ ભાગ થઈ હતી.બુટલેગરો ત્રણેય વાહનો અને દારૂનો જથ્થો છોડીને ભાગી છૂટ્યા હતા.

પોલીસે ઘટના સ્થળેથી ૧૭,૨૫,૬૦૦ ની કિંમત નો ૧૧,૭૮૪ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો માતબર જથ્થો (૩૩૧ પેટી). કબજે કરી લીધો હતો, ઉપરાંત એક ટ્રક, બોલેરો પીકપ વેન અને એક્સેસ સ્કુટર સહીત કુલ ૩૮,૪૩,૬૦૦ ની માલમતા કબજે કરી લીધી છે. જ્યારે ત્રણેય વાહનોના રજીસ્ટ્રેશન નંબરના આધારે બુટલેગરોને શોધવા માટેની કવાયત શરૂ કરી દીધી છે.

ઉપરોક્ત જંગી દારૂ નાના થાવરીયા ગામના ખેડૂત ભરતસિંહ લાખાજી જાડેજા ની વાડીમાં કટીંગ થઈ રહ્યો હોવાથી સૌ પ્રથમ વાડી માલિક ભરતસિંહ જાડેજા ને ફરારી જાહેર કરાયો છે.ત્યારબાદ બનાવના સ્થળેથી GJ 10 Z 6509 નંબરનો ટ્રક મળી આવ્યા છે જે ટ્રકના ચાલકને ફરારી જાહેર કરાયો છે. ઉપરાંત GJ-3BY7410 નંબરનું બોલેરો પીકપ વાહન પણ મળી આવ્યું છે. જે વાહન ચાલકને પણ ફરારી જાહેર કરાયો છે, અને તમામની શોધખોળ હાથ ધરાઈ રહી છે.

# ટંકારામાં જમીનમાં જીવતા દાટી ત્યજી દીધેલ નવજાત શીશુ મામલે ફરિયાદ નોંધાઈ



ટંકારા તાલુકાના નવાગામ-અદેપર રોડ પર લક્ષદ્રીપ કારખાના પાસે સાંજના સમયે કોઈ અજાણી વ્યક્તિએ એક નવજાત શીશુને જીવતું ખાડો ખોદી દાટી દીધું હતું. ઘટના સ્થળ નજીકથી પસાર થતા એક શ્રમિકને બાળકના રડવાનો અવાજ સંભળાતા, તેણે તરત જ બાળકને બહાર કાઢી ૧૦૮ને જાણ કરી હતી. બાળકને મોરબી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. ત્યારે બાળકના શરીરે ભાભર સામુહિક આરોગ્ય કેન્દ્રનું ઝબલુ પહેરાવેલું હતું. હાલ સમગ્ર બનાવ મામલે ટંકારા પોલીસે અજાણી સ્ત્રી આરોપી તથા તપાસમાં ખુલે તેના વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે. ટંકારાના ઘુનડા(સજનપર) ગામની સીમમાં નવાગામ-અદેપર રોડ પર લક્ષદ્રીપ કારખાના નજીક અજાણ્યા શખ્સે એક નવજાત બાળકને ત્યજી દઈ જીવતું દફનાવી દીધું હતું. ત્યારે ત્યાં રોડ ઉપરથી પસાર થતા એક શ્રમિકે બાળકના રડવાનો અવાજ સાંભળ્યો હતો. જેથી તત્કાલ બાળકને જમીનમાંથી હેમખેમ બહાર કાઢી,૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે બાળકને મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યું હતું, જ્યાં તબીબોએ બાળકને તંદુરસ્ત જાહેર કર્યું હતું. મળી આવેલ શીશુના શરીરે નસ્ત્રભાભર સામુહિક આરોગ્ય કેન્દ્રસ્ત્રસ્ત્ર નું ઝબલુ જોવા મળ્યું હતું. હાલ નવજાત બાળક ટંકારા પોલીસની શી ટીમના મહિલા સ્ટાફની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું છે. ત્યારે સમગ્ર બનાવ મામલે ટંકારા પોલીસે અજાણી સ્ત્રી આરોપી તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# મોરબીના ભડીયાદ ગામ નજીક જામગરી બંદૂક સાથે એક ઈસમને ઝડપી લેતી એસઓજી ટીમ



મોરબી જીલ્લા પોલીસની વિભાગીય વિશેષ એસઓજી ટીમે પૂર્વ બાતમીને આધારે તાલુકાના ભડીયાદ ગામ તરફ જતા કાચા રસ્તા ઉપરથી એક ઈસમને ગેરકાયદેસર દેશી હાથ બનાવટની જામગરી બંદુક સાથે પકડી લઈ તેની સ્થળ ઉપરથી અટક કરવામાં આવી હતી, ત્યારે પકડાયેલ આરોપી વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી એસઓજી પીઆઇ એન.આર.મકવાણાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમ ચાર્ટર મુજબની કામગીરી કરવા પ્રયત્નશીલ હોય તે દરમ્યાન એ.એસ.આઇ મુકેશભાઇ જોગરાજીયા, હેડ.કોન્સ. જુવાનસિંહ રાણા તથા પોલીસ કોન્સ. આશીફભાઇ રાઉમાને સંયુક્ત રીતે ખાનગી બાતમી હકિકત મળેલ કે, મચ્છુ-૨ ડેમની નજીક પુલથી ભડીયાદ તરફ જતા કાચા રસ્તા ઉપર જાહેરમાં એક વ્યક્તિ દેશી જામગરી બંદુક સાથે હોવાની હકીકત આધારે એસ.ઓ.જી. ટીમ ઉપરોક્ત સ્થળે તપાસ કરતા આરોપી પ્રકાશભાઇ રામજીભાઇ વાનેસીયા ઉવ.૩૫ રહે.ભડીયાદ કાંટા પાસે મોરબી વાળાને ગેરકાયદેસર દેશી હાથ બનાવટની જામગરી બંદુક નંગ-૧ કિં.રૂ.૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે દબોચી લેવાયો હતો, આ સાથે આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ મુજબની કાર્યવાહી કરી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

# ઉનાના ખજુદ્રા ગામનો માછીમાર પાકિસ્તાનની જેલમાં ચાર વર્ષથી બંધ: મદદ માટે કર્યા પોકાર

## માછીમાર પરિવાર ને ન્યાય કોણ અપાવશે...?

**મુખ્ય સમાચાર ઉના અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ખજુદ્રા ગામ ના વતની ચૌહાણ નાથાભાઈ બાવભાઈ આશરે ચાર વર્ષ પહેલા પોરબંદર માછીમાર નો ધંધો કરવા માટે ગયેલા હતા. દરિયા માં માછીમારી કરવા પાકિસ્તાન બોર્ડર પર થી પાકિસ્તાન મરીન સિક્યુરિટી દ્વારા ખલાસીઓ ને પકડી પાડવામાં આવ્યા હતા. ત્યાર બાદ આજ દિન સુધી ચૌહાણ નાથાભાઈ વતન પરત આવ્યા નથી. નાથા ભાઈ ની ધર્મ પત્ની એ વધુ માં જણાવ્યુ હતુ કે મારા પતિ ની પાછળ જે લોકો પકડાયા હતા તે છુટા થઈ ઘરે આવી ગયા છે. મારે નાના બે બાળકો છે મારા ઘર પરિવાર નુ ગુજરાન ચલાવવું ખુબજ મુશ્કેલ છે. સરકાર શ્રી વહેલી તકે મારા પતિ ને છોડાવે તેવી અપીલ કરી છે. કાગળ ચીઠી માં વધુ ઉલેખ કરાયો છે કે ૫૬ ની સાતી વાળા લાલ આંખ બતાવવા વાળી ગરીબો ની સરકાર કેવા વાળા આજે ગરીબ માછીમારો ને ભૂલી ગયા છે. વર્ષ ૨૦૨૧થી પાકિસ્તાન જેલ બંધ માં માછીમાર પરિવાર ને કોણ ન્યાય આપ છે. કોળી સમાજ ના રાજકીય નેતાઓ સામાજિક સંસ્થાઓ આગેવાનો સામાન્ય ગરીબ પ્રજા ને ન્યાય આપવા અપીલ અને રજૂઆત કરી છે




# જામનગર જિલ્લામાં ગુંડા તત્વો અંગેની માહિતી આપવા પોલીસ તંત્રનો અનુરોધ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં કોઈ પણ ગુંડા તત્વો નાગરિકોને પરેશન કરતા હોય તો જામનગર શહેર -જિલ્લાના કોઈપણ નાગરિકે વિના સંકોચે જામનગરના પોલીસ કંટ્રોલરૂમનો સંપર્ક કરવા જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ દ્વારા પ્રજાજનોને અનુરોધ કરાયો છે.

જામનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા નાગરિકોને સુરક્ષા આપવા ની સાથે અનુરોધ કરાયો છે, કે નાગરિકોએ પોતાના રહેણાંક વિસ્તાર, આપના વ્યવસાય નોકરીના સ્થળની આજુબાજુમાં કે અન્ય કોઈપણ જાહેર સ્થળોએ લુખ્ખાગીરી કરનારા, ભય ફેલાવાનારા કે અન્ય કોઈપણ પ્રકારના ગેરકાયદેસર કૃત્ય કરનારા અસામાજિક તત્વો ની રંજાડ હોય તો આવા તત્વો વિરુદ્ધ પોલીસે ખાસ ઝૂંબેશ શરૂ કરી છે.

આથી જિલ્લાની તમામ જાહેર જનતાને આવી ગુંડાગીરી અને




અસામાજિક તત્વો બાબતેની કોઈપણ જાણકારી હોય તો વિના સંકોચે ભય મુક્ત બનીને પોલીસને જાણ કરી શકે છે.આવી કોઈપણ જાણકારી અથવા ફરિયાદ હોય તો જામનગર જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમના ફોન નંબર : (૦૨૮૮) ૨૫૫૦૨૦૦ તેમજ જામનગર જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમના વોટ્સએપ નંબર : ૬૩૫૯૬ ૨૭૮૦૦ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.જામનગર શહેર જિલ્લાના કોઈ પણ નાગરિકો આવા અસામાજિક તત્વોના નામ, સરનામું કે અન્ય માહિતી વગેરે કોઈ પણ નાગરિકો પોલીસ ને મોકલી શકે છે. જે માહિતી શેર કરનાર વ્યક્તિની ઓળખ સુરક્ષિત રાખવામાં આવશે.

# પોરબંદરમાં વેપારી પાસે ચાર લાખની ખંડણી માંગતા આરટીઆઈ એક્ટીવિસ્ટ સામે ફરિયાદ

પોરબંદરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જ્યાં આરટીઆઈ એક્ટિવિસ્ટ તરીકે ઓળખાતા રાણાવાવના એક શખ્સે પ્રોપર્ટીના દસ્તાવેજ સંબંધિત માહિતી મેળવવા માટે આરટીઆઈ કરી, અને ત્યારબાદ તે જ માહિતીનો દુરુપયોગ કરીને પ્રોપર્ટી માલિક પાસે રૂ. ૪ લાખની ખંડણી માગી પોરબંદરના કિર્તિમંદિર પોલીસ સ્ટેશનમાં લાતી બજાર પટેલ એન્ટરપ્રાઈઝ નામની પેઢીના માલિક યુનુસભાઈ યુસુફભાઈ અફીણીની ફરિયાદના આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવાયું છે કે આરોપી વિનોદભાઈ હેમરાજભાઈ પરમાર, જે પોતાને છજ્ઈ એક્ટિવિસ્ટ કહે છે, તે ફરિયાદીની ઓફિસમાં ગયો હતો. રાણાવાવ ખાતે ફરિયાદીએ ખરીદેલી પ્રોપર્ટી અંગે વિનોદભાઈએ છજ્ઈ દાખલ કરી હતી. ત્યારબાદ તેણે ફરિયાદીને જણાવ્યું કે જો તેઓ આરટીઆઈથી બચવા માંગતા હોય, તો બે પ્રોપર્ટી માટે રૂ. ૪ લાખ ચૂકવવા પડશે. આ ગુન્હો નોંધાતા પોલીસ તંત્ર સક્રિય બન્યું છે અને આરોપીની સંડોવણીની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર પોરબંદર શહેર અને ખાસ કરીને આરટીઆઈ એક્ટિવિસ્ટોના વર્તુળમાં ભારે ચર્ચા ચાલી રહી છે. કેટલાક સાચા છજ્ઈ એક્ટિવિસ્ટો માટે આ એક્ટ લોકોને ન્યાય અપાવવા માટેનું સાધન છે, પણ કેટલાક અસામાજિક તત્વો તેને ખંડણી વસૂલવાની રીત તરીકે ઉપયોગ કરી રહ્યા છે.

# રાજકોટની ગરમ મસાલા બજાર ગરમ બની









(તસ્વીરઃ આનંદ જાવિયા)

## હાથી,અદાણી, મહાલક્ષ્મી,રામદેવ,બાદશાહ જેવી જુદી જુદી કંપનીના મસાલા પણ ઉપલબ્ધ

## તમામ મસાલા ની કિંમતોમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો

ઉનાળાની ગરમી શરૂ થતા જ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડમાં લાલ મરચા હળદર ધાણા જીરૂ રાય મેથી સહિત અન્ય ચીજ વસ્તુઓની ધુમ આવક શરૂ થઈ છે ત્યારે શહેરની મુખ્ય બજાર સહિત અન્ય વિસ્તારોમાં બારમાસી મસાલા ની ધૂમ મચી છે ગોંડલ થી લાલ મરચા ની વિપુલ પ્રમાણમાં આવક નોંધાય છે ગત વર્ષની સાપેક્ષે આ વર્ષે તમામ બારમાસી મસાલામાં ૧૦ થી ૧૫% નો વધારો નોંધાયો છે જોકે વધુ નફો કમાઈ લેવાની લાલચમાં વેપારીઓ મરચાની ભૂકી હળદર તેમજ અન્ય ચીજ વસ્તુઓમાં ભેળસેળ કરી રહ્યા છે રાજકોટના રૈયા રોડ, ૧૫૦ ફટ રીંગ રોડ, નાના મવા ચોક,તેમજ મવડી વિસ્તારમાં આવી મસાલા માર્કેટ આવેલી છે તેમજ નાના નાના ગૃહ ઉદ્યોગ દ્વારા પણ આ મસાલાનું ધૂમ વેચાણ કરવામાં આવી રહ્યું છે આ વર્ષે બજારમાં હળદરનો એક કિલોનો ભાવ ૪૦૦ થી ૪૫૦ રૂપિયા બોલાઈ રહ્યો છે મરચાની કિંમત ૩૫૦ થી ૪૦૦ ની વચ્ચે છે જ્યારે કાશ્મીરી મરચું ૬૦૦ થી ૮૦૦ ની વચ્ચે મળી રહ્યું છે ધાણાજીરાનો ભાવ ૪૦૦ થી ૫૦૦ રહ્યો છે મેથી ૨૮૦ રૂપિયા કિલો મળી રહી છે રાઈ ૧૮૦ રૂપિયા પ્રતિ કિલો માર્કેટમાં ઉપલબ્ધ છે જ્યારે હિંગની ૧૦૦ ગ્રામ ની કિંમત ૧૫૦ થી ૧૭૦ રૂપિયા સુધી ચાલી રહી છે રાજકોટમાં મુખ્યત્વે છૂટક મસાલા સાથે હાથી,અદાણી, મહાલક્ષ્મી,રામદેવ,બાદશાહ જેવી જુદી જુદી કંપનીના મસાલા પણ ઉપલબ્ધ છે આ તમામ કંપનીઓએ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ગુજરાતમા નોંધપાત્ર માર્કેટ સર કરી છે

## વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં બ્લોકને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ડિવિઝનના વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૨૩ માટે હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ ડ્જઈ સ્લેબની જોગવાઈનું કામ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોકને કારણે અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧) ૨૨.૦૩.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી ઉપડશે અને વિરમગામ સુધી જશે અને વિરમગામથી તેને ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ તરીકે ચલાવવામાં આવશે. ૨) ૨૨.૦૩.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી ઉપડશે અને સુરેન્દ્રનગર સુધી જશે અને સુરેન્દ્રનગરથી તેને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ તરીકે ચલાવવામાં આવશે. ૩) ૨૧.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૬૧૪ કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ માર્ગમાં એક કલાક માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

૪) ૨૨.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૪૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં નિ:શુલ્ક યોગ વર્ગનો પ્રારંભ




રાજકોટના રૈયા રોડ પર આવેલ સર્વેશ્વર મહાદેવ મંદિર સામેની શેરી નંબર ૩, ગાંધીનગર ગાર્ડન શેરી નંબર ૭ / ૮ ની સામે, ગાંધીગ્રામ રાજકોટ ખાતે પ્રજ્ઞાબેન ટાંક દ્વારા તદ્દન નીઃશુ લ્ક યોગ વર્ગનો પ્રારંભ કરાયો છે આ યોગ ક્લાસ નો સમય સવારે ૬.૩૦ થી ૭.૩૦ એક કલાકનો રહેશે આ યોગ વર્ગમાં જોડાવા માગતા લોકોએ વધુ વિગત માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરવા સાથે આવતીકાલે સવારે ૬.૩૦ થી ૭.૩૦ સુધીમાં જે આ યોગ વર્ગ વિશે જરૂરી મીટીંગ કાલે સાંજે ૬ થી ૭રાખેલી છે તે માટે નામ નોંધાવવું જરૂરી છે તો આ નિઃશુલ્ક વર્ગનો લાભ લેવા યોગાચાર્ય પ્રજ્ઞાબેન ટાંકે લોકોને આમંત્રણ પાઠવ્યું છે ઉલ્લેખનીય છે કે પ્રજ્ઞાબેન ટાંક ડિપ્લોમા યોગ ની ડિગ્રી ધરાવે છે સાથે સાથે રાજ્યના યોગ બોર્ડનું સર્ટિફિકેટ પણ તેઓએ મેળવેલું છે વધુ વિગત માટે મોબાઈલ નંબર ૯૪૨૬૨ ૨૪૫૫૬ નો સંપર્ક કરવો

## વે. રેલવે એમ્પ્લોઈઝ યુનિયનના પ્રતિનિધિ આર.વી. મહેતા નો આજે જન્મદિવસ



રાજકોટ રેલવે ડિવિઝનમાં સિનિયર સેક્શન એન્જિનિયર તરીકે ફરજ બજાવતા કર્તવ્ય નિષ્ટ તેમજ વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોય યુનિયનના પ્રતિનિધિ રાજેશકુમાર મહેતાનો આજે ૬૦ મો જન્મદિવસ છે છેલ્લા ૩૮ વર્ષથી તેઓ રાજકોટ રેલવેમાં ફરજ બજાવી રહ્યા છે તેમજ રેલ્વે ડિવિઝનમાં ૧૦૮ તરીકે તેમણે પોતાની ઓળખ મેળવી છે આજે તેમના જન્મદિવસ નિમિત્તે મોબાઈલ નંબર ૯૭૨૪૦ ૯૪ ૨૬૭ પર શુભેચ્છકો પરિવારના સભ્યો રેલવે ડિવિઝનના ઓફિસરો તેમજ કર્મચારીઓ દ્વારા અભિનંદન ની વર્ષા વરસી રહી છે

## સ્વચ્છતાથી સ્વસ્થતાઃ ભાયાવદરના નગરજનોને લોકડાયરાના માધ્યમથી મનોરંજન સાથે સ્વચ્છતાનો સંદેશ અપાયો

વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીની સ્વચ્છ ભારત પહેલને સાર્થક કરવા છેવાડાના માનવી સુધી સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે રાજકોટની ભાયાવદર નગરપાલિકા ખાતે નસ્ત્રસ્વચ્છ ભારત મિશન અર્બન- ગાંધીનગર દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૂકા-ભીના કચરાનો યોગ્ય નિકાલ કરવો, સ્વચ્છતાથી સ્વસ્થતા અંગે જાણકારી, ઘર અને જાહેર સ્થળોની સ્વચ્છતા સહિતની બાબતો અંગેનો મનોરંજનના માધ્યમથી સંદેશો આપવામાં આવ્યો હતો. આ લોકડાયરામાં શાળાના વિદ્યાર્થીઓ, નગરજનો, સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ટી આર પી અગ્નિકાંડ પાર્ટ ટુ સમા એટલાન્ટિસ અગ્નિકાંડના ચમરબંધીઓ પર સાપરાધ મનુષ્યવધનો ગુન્હો ક્યારે નોંધાશે ??

### અમારે આમ જ કમોતે મરતા રહેવાનું ?? નિર્દોષ નાગરિકોના પોકારો : રાજકોટ મહાનગરપાલિકા મા વિવિધ શાખા ના ઘણા અધિકારીઓ હજી સાગઠીયા , ભીખા ઠેબા અને અનિલ મારૂ (ભ્રષ્ટાચારી)ની ભૂમિકા અદા કરી રહ્યા છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ધુળેટી ના દિવસે સવારે રાજકોટ ના દોઢસો ફૂટ રીંગ રોડ પર બિગ બઝાર ની સામે આવેલા હાઈરાઈઝ બિલ્ડિંગ એટલાન્ટિસ મા છઠ્ઠા માળે આગ ફાટી નીકળી જેમા કલ્પેશ લેવા મયુર લેવા નામના બે પિતરાઈ ભાઈઓ અને સ્વિગી ના ડિલિવરી મેન અજય ભાઈ મકવાણા નામના ત્રણ નિર્દોષ જીવતા ભડથું થઈ ગયા , એટલાન્ટિસ બિલ્ડિંગ ની સજાવટ મા બિલ્ડરે ખૂબ ખર્ચો કર્યો અને સાત સાત કરોડ ના ફ્લેટ વેચ્યા પરંતુ ત્યાં રહેતા ફ્લેટ ધારકો કે બહાર થી આવતા મુલાકાતીઓ ની સુરક્ષા બિલ્ડર ના ધ્યાને આવી નહિ . . બબ્બે વખત ફાયર એન ઓ સી ની નોટિસો મળ્યા બાદ પણ રીન્યુ કેમ ન કરી ?? જે ત્રણ લોકો આગ મા સળગી ને મૃત્યુ પામ્યા તેમાના એક ના પરિવાર ને દસ લાખ નો ચેક કલાકો આપી દેવાયો પણ અન્ય બે લોકો ને અ - સહાય કેમ રખાયા ??

એક સમાચાર એવા પણ મળ્યા છે કે લોકસભા ચુંટણી વખતે પરોક્ષ રીતે ચર્ચા મા આવેલા એક નેતા ની ઓફિસ આજ એટલાન્ટિસ બિલ્ડિંગ મા છે , એ નેતા પોતાની ઓફિસ મા રહેલ ચોક્કસ ચીજ વસ્તુઓ સલામત છે કે રાખ થઈ તે જાણવા જોવા એટલાન્ટિસ બિલ્ડિંગ ખાતે આવી પહોંચ્યા હતા. .

રાજકોટ મનપા ના ફાયર ઓફીસર અશોકસિંહ ઝાલા ના નિવેદન મુજબ એટલાન્ટિસ બિલ્ડિંગ ને વર્ષ ૨૦૧૩ મા ફાયર એન ઓ સી ઈસ્યુ કરાયું હતું તેમજ વર્ષ ૨૦૧૪ મા રીન્યુ કરાયું હતું ત્યાર થી લઈને અત્યાર સુધી ઓનલાઈન જોતા એટલાન્ટિસ બિલ્ડિંગ મા ફાયર એન ઓ સી રીન્યુ થયું હોવાનો ઉલ્લેખ નથી , વધુમાં જ્યારે આગ લાગી ત્યારે ફાયર સેફ્ટી ના સાધનો પણ વર્કિંગ કન્ડીશન મા નહોતા. શું ફાયર વિભાગ ના અધિકારીઓ અગાઉ ના અધિકારીઓ ની માફક રૂપિયા કટકટાવી ને લાલિયાવાડી ચાલવા દીધી ???

અત્યારે માનવીય રીતે એક જ સવાલ સહજ ઊભો છે કે આમા બિલ્ડર ફાયર વિભાગ ના અધિકારીઓ કે જે કોઈ પણ જવાબદાર હોય તેની સામે આજે આગ લાગ્યા ના પાંચ દિવસ પછી અને ત્રણ નિર્દોષ ના જીવ ગયા છતાં પણ સાપરાધ મનુષ્ય વધ નો



ગુન્હો કેમ નોંધાયો નથી ?? શું એટલાન્ટિસ મા ફ્લેટ (કે ઓફિસ) ધરાવતા ચોક્કસ નેતા ના ઈશારે આ સમગ્ર બાબત નું સેટલમેન્ટ થઈ જશે ??? એટલાન્ટિસ અગ્નિ કાંડ મામલે દોઢ મહિના પહેલા સરકારી ગાડી લઈને મહાકુંભ મા પોતાના પાપ ધોવા ગયેલા મેયર મેડમ પણ મૂંગા બની ગયા છે

આટલું ઓછું હોય તેમ રાજકોટ મનપા ના પદાધિકારીઓ હજી કાલાવડ રોડ પર બ્રિજ નીચે ગેમઝોન બનાવે છે અને નફ્ફટાઈ થી પોતાની જવાબદારી ચૂક્યા છે .

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પોલીસ પર હુમલો કરનાર ભીસ્તીવાડના નામચીન શખ્સના મકાન પર બુલડોઝર ફેરવી દેવાયું

## ગુજસીટોકના આરોપી અને ચુનારાવાડના બુટલેગર સહિત ૬ના વીજ જોડાણ કપાયા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

જંગલેશ્વરના નામચીન શખ્સના ઘરે ડિમોલેશન કર્યા બાદ દુધસાગર રોડ પર રહેતા ગુજસીટોકના આરોપીના ઘરનું વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યું હતું તેમજ પોલીસ પર હુમલો કરનાર નામચીન માજીદ અને ઈશોભાનાં ગેરકાયદેસર બાંધકામનુ ડીમોલેશન કરવા પોલીસ ટીમ તેના ઘરે પહોંથી છે અને હવે પોલીસે શહેરના અન્ય ૧૫ જેટલા ગુનેગારોની ગેરકાયદેસર મિલ્કતોની માહિતી મેળવી છે અને હવે ટુંક સમયમાં જ પીજીવીસીએલ અને કોર્પોરેશનને સાથે રાખી પોલીસ આવા ગુંડાઓના ઘર ઉપર બુલ્ડોઝર ફેરવશે આ મામલે મહાનગરપાલિકા અને પીજીવીસીએલને પત્ર લખી આ ગેરકાયદેસર બાંધકામ અને વીજ કનેકશનની માહિતી મેળવવામાં આવી છે.

રાજકોટ શહેર પોલીસ દ્વારા ૭૫૬ અસામાજીક તત્વોની યાદી તૈયાર કરી હતી. અને આવા કુખ્યાત ગુનેગારોના ગેરકાયદેસર બાંધકામ છે, ગેરકાયદેસર વીજ કનેકશન બાબતેની માહિતી પોલીસે પીજીવીસીએલ અને મહાનગરપાલિકા પાસેથી મેળવી આવા ગુનેગારો સામે કાર્યવાહી આરંભી હોય જેમાં કુખ્યાત રમાના મકાન ઉપર બુલ્ડોઝર ફેરવવામાં આવ્યું હતું. જંગલેશ્વરના કુખ્યાત જાવીદ જુણેજા અને તેની પત્ની રમા કે જેઓ અનેક ગુનામાં સંડોવાયેલા હોય અને આવા ગેરકાયદેસર અને ગુનાખોરીના રૂપિયાથી ગેરકાયદેર બે માળનું મકાન ઉભુ કર્યું હોય જે અંગેની જાણ પોલીસને થતાં પોલીસ કાફલા સાથે મકાન ડીમોલેશન કર્યું દિવસે પોલીસે થોરાળા વિસ્તારમાં દુધસાગર રોડ પર રહેતા અને દુષ્કર્મ સહિતના અનેક ગુનામાં સંડોવાયેલા ગુજસીટોકના આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે લાલાના ઘરનું વિજ કનેક્શન કાપી નાખ્યું હતું. આવા ગુનેગારોના મકાન ઉપર બુલ્ડોઝર ફેરવવામાં આવશે અને જેનું ગેરકાયદેસર વીજ કનેકશન હશે તે કાપી નાખવામાં આવશે. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા સાથે ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ઝોન- ૧ સજ્જનસિંહ પરમાર, ડીસીપી ઝોન- ૨ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચ, એસઓજી અને સ્થાનિક પોલીસની ટીમ આગામી દિવસોમાં કામગીરી કરશે.

# SMCની કાર્યવાહીઃ વાપી ખાતેથી કરોડથી વધુના ડ્રગ્સ સાથે બે નાઈજિરિયન ઝડપાયા

## મુંબઈથી ચાચુ નામની વ્યક્તિએ માદક પદાર્થ મોકલ્યો હોવાની આરોપીની કબુલાત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુંબઈથી કારમાં ડ્રગ્સનો જથ્થો લઈને વાપી આવી રહેલા બે નાઈજિરિયનને ઝડપી પોલીસે રૂા.૧.૨૬ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જાણવા મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના વસઈ, નાલા સોપારા ખાતેથી ટેકસી પાસીંગ કારમાં ડ્રગ્સનો જથ્થો લઈને બે નાઈજીરિયન વાપી ખાતેના કરમબેલા નેશનલ હાઈવે નં-૪૮ની બાજુમાં આવેલા રેલવે ઓવર બ્રિજ નીચે ડીલીવરી કરવા આવનાર છે તેવી બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈ સી.એચ. પનારાને મળી હતી. તેથી સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાય અને ડીએસપી કામરિયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ સહિત પીએસઆઈ જાડેજાની ટીમો ત્યાં વોચમાં હતા.

દરમ્યાનમાં ભીલાડ તરફથી આવતી ટેકસી પાસીંગ કાર ત્યાં આવીને ઉભી રહેતા પોલીસે તેને ઘેરીને બે નાઈજિરિયનને ઝડપી પાડયા હતા. પકડાયેલા ૪૦ વર્ષના કેલીચીકુ એજે ફ્રાન્સિસ (રહે. નાલા સોપારા રેલવે સ્ટેશન નજીક જિ. પાલઘર મહારાષ્ટ્ર મુળ રહે. બેગોસ, નાઈજિરિયા) અને અકીવાનમી તાઈવો ડેવીડ (ઉ.વ.૨૮, રહે. જય માતાદી બિલ્ડીંગ, નાલા સોપારા મુળ રહે. બેગોસ આઈલેન્ડ, નાઈજિરિયા)ની પાસેથી શક્ષ.લ,વહ,૨ળ,૨૨૨ એમ્ફેટામાઈન અને મેથાફેટામાઈન ડ્રગ્સ કબજે કર્યું હતું.તેમજ રૂા.૫૨૦૦, ૨ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧, ૨૬, ૨૨, ૨૦૦નો મુદ્દામાલ કબજે કરી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.તેઓની પૂછપરછમાં ખુલ્યું હતું કે, મુંબઈ ખાતે રહેતા ચાચુ નામની વ્યકિતએ આમાદકપદાર્થનો જથ્થો વાપી ખાતે મોકલાવ્યો હતો. કેલીચીફ વર્ષ-૨૦૨૨માં મુબ્રા પોલીસ મથક ખાતે માદક દ્રવ્યના ગુનામાં પકડાયો હતો આ બાબતે પીઆઈ પીપી બ્રહ્મભટ્ટે વધુ તપાસ હાથ ધરી હતી.

# ગોંડલમાં સગીરને મારમાર્યાની ઘટનામાં પાટીદાર સમાજમાં ભભુકતો રોષ

## આરોપીનો જાહેરમાં વરઘોડો કાઢી સરભરા કરવા માંગ નહીં તો શનિવારે ગોંડલ અડધો દિવસ બંધ



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ માં સંગ્રામસિંહ હાઈસ્કૂલના મેદાનમાં સગીરને ત્રણ શખ્સોએ ધોકા વડે માર માર્યાની ઘટના નાં પાટીદાર સમાજ માં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. સવારે મોટી સંખ્યામાં એકત્રીત થઈ પ્રાંત કચેરીએ આવેદનપત્ર આપ્યા બાદ રાત્રીનાં જેલચોક પટેલવાડી ખાતે પાટીદાર સમાજની મિટિંગ આયોજન કરાયુ

જેમા મોટી સંખ્યામાં પટેલ સમાજ ઉપસ્થિત રહ્યો હતો. મીટીંગમાં પાટીદાર આગેવાનોએ હુંકાર કર્યો હતો કે છેલ્લે સુધી લડી લેશું, પીછે હઠ કરવામાં આવશે નહિ ગાંધીનગર સુધી જવાની લડત આપીશુ.વધુમાં પકડાયેલા આરોપીઓનો જાહેરમાં વરઘોડો કાઢી સરભરા કરવા માંગ કરાઈ હતી.શનીવાર સુધીમાં પોલીસ તંત્ર દ્વારા માંગ પુરી નહી કરાય તો અડધો દિવસ ગોંડલ બંધ પાળી વિરોધ કરાશે તેવુ જણાવ્યુ હતુ.

ગોંડલ કોલેજચોકમાં સગીરને માર માર્યાની ઘટનાના સમર્થનમાં પાટીદાર સમાજ એક મંચ પર આવ્યો છે. મીટીંગમાં રાજેશભાઈ સખીયાએ જણાવ્યું હતું કે આ એક અન્યાય સામે લડત કરવાની વાત છે આ આરોપીઓ અનેક ગુન્હા કરે છે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ને બળ ક્યાંથી મળે છે એ સૌને ખબર છે આજે વિનુભાઈ શીંગાળા ની પુણ્યતિથિ છે છે કોઈની તાકાત કેમ મારી નાખ્યો છે એ જાણવાની??

સાટોડિયા પરિવાર પર આ હાથ નાખ્યો છે મયુરસિંહ દિલીપસિંહ ઝાલા તથા દર્શનસિહ દિલીપસિંહ ઝાલા એક વાર નાગડકાના પાદરમાંથી નીકળી બતાવે તેવો પડકાર સખીયાએ ફેંક્યો હતો. પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરી બતાવીશુ તેવુ વધુમાં જણાવી પોલીસના પાપે આ ગુંડાગિરી વધી છે ગોંડલ ના પોલીસ જ મોટા આરોપી છે. એક છાપ ઉભી કરવાની છે લેઉવા

પટેલ સમાજના યુવાન પર હાથ ઉપાડવો હોઈતો વિચારવું પડે તેવું રાજેશભાઈ સખીયાએ જણાવ્યુ પટેલ સમાજના આગેવાન જગદીશભાઈ સાટોડિયા એ જણાવ્યું હતું કે લુખ્ખા તત્વોને જાહેરમાં સરભરા કરવી જોઈએ, વરઘોડો કાઢવો જોઈએ. ગુજરાત સરકાર પણ લુખ્ખા તત્વોનો જાહેર વરઘોડાની વાત કરી રહી છે.કલમમા ૩૦૭ ની કલમનો ઉમેરો કરવો જોઈએ. તેમણે કહ્યુ કે બન્ને આરોપીઓ એ લુણીવાવ માં સરકારી જમીન પર દબાણ કર્યુ છે. તે માટે લેન્ડગ્રેબીંગ નો ગુન્હો દાખલ કરવો જોઈએ.

પિન્ટુભાઈ સાટોડીયાએ જણાવ્યું હતું કે શનિવાર સુધીમાં આ કાર્યવાહી નહિ થાય તો આગામી અડધો દિવસ ગોંડલ બંધ કરવાનું એલાન થશે. પાટીદાર સમાજ ની મીટીંગ નાં પગલે ગોંડલ માં માહોલ ગરમ બન્યોછે.

# ગેલેકસી હોટલ સામે ઓફિસમાંથી રૂ.૧૦.૮૧ લાખની ચોરી કરનાર તસ્કર પક્કડાયો

## જૂનાગઢનો શખ્સ શેરબજારમાં ખોટ થતા ઘરનું સોનું ગીરવે મુકવા આવ્યો અને બાદમાં ચોરીને અંજામ આપ્યો





**મુખ્ય સમાચાર,રાજકોટ**

જવાહર રોડ પર ગેલેક્સી હોટેલ સામે આવેલા મારૂતિ કોમ્પલેક્સના ચોથા માળે મીના ગોલ્ડ બાયર નામની ઓફિસ નં.૪૧૨માં ત્રાટકીને ૧૦.૮૧ લાખનું સોનું-રોકડ ચોરીને અંજામ આપનારા જૂનાગઢના તસ્કરને ડીસીબીએ પકડી પાડી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો. આ ચોરી કરવા પાછળનું મુખ્ય કારણ બબ્બે વખત ધંધામાં ફેઈલ ગયા બાદ ઉભી થયેલી નાણાંભીડ દૂર કરવાનું જ હતી. આશ્ચર્યની વાત એ છે કે તસ્કર દસેક દિવસ પહેલાં ઉપરોક્ત ઓફિસમાં સોનું ગીરવે મુકવા માટે ગયો હતો જ્યાં મોટાપાયે સોનું જોઈ તેની દાઢ ડળકી હતી અને ત્યાંથી જ ત્રાટક્યો હતો. ડીસીબી પીઆઈ એમ.આર.ગોંડલિયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન.પરમાર, દીપકભાઈ ચૌહાણ, કૃષ્ણદેવસિંહ ઝાલા સહિતની ટીમે મુળ સુરત અને હાલ જૂનાગઢના આંબલિયા ગામે રહેતા આકાશ રમેશભાઈ ક્યાડા (ઉ.વ.૨૬) નામના શેરબજારના ધંધાર્થીને પકડયો હતો. આકાશે અગાઉ સુરતમાં ધંધો કર્યો હતો પરંતુ તેમાં નિષ્ફળ જતાં શેરબજારમાં ઝંપલાવ્યુ હતું જેમાં પણ નસીબે સાથ ન આપતાં નાણાની તંગી સર્જાઈ હતી.

આ પછી નવો ધંધો શરૂ કરવા માટે આકાશે ઘરનું સોનું ગીરવે તીરવે મુકીને પૈસા મેળવવાનો નિર્ણય લીધો હતો. સોનું લઈને તે જૂનાગઢથી રાજકોટ આવ્યો અને મીના ગોલ્ડ બાયર નામની ઓફિસે પહોંચ્યો હતો. દસેક દિવસ પહેલાં તેણે સોનું પણ ગીરવે જ મુક્યું હતું. જો કે સોનું મુક્યું ત્યારે ઓફિસમાં પડયું હોવાનું જોઈ ગયો હતો. ટાપાયે સોનું પડ્યું મોટાપાયે આ પછી તે ચોરી કરવા કરવા માટે માટે ૧૭ માર્ચે મોડીરાત્રે કોમ્પલેક્સમાં પહોંચી પાંચમો માળ કે જ્યાં અગાસી આવેલી છે ત્યાં પહોંચ્યો હતો અને ત્યાંથી દોરડા મારફતે ચોથા માળે ઓફિસનો કાચ ફોડી અંદર ઘૂસ્યો હતો. કાચ ફોડતી વખતે આકાશને લાગી જતાં લોહી પણ નીકળ્યું હતું. પડ્યું હોવાનું ઓફિસમાંથી તેણે ૭૦ હજારની રોકડ તેમજ સોનાના ઘરેણા મળી કુલ ૧૦.૮૧ લાખની ચોરી કરી હતી. જો કે ચોરીનો માલ વેચવા જાય તે પહેલાં જ પોલીસે દબોચી લઈ કુલ ૧૧.૫૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આકાશે પહેલી જ વખત આ પ્રમાણે ચોરી કરી હોવાનું પણ તપાસમાં ખુલ્યું હતું.

# જેતપુરના પેઢલામાં ધાર્મિક પ્રસંગની રસોઈ બનાવતી વખતે ગેસની નળી લીક થતા આગ, પાંચ લોકો દાઝયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેતપુરના પેઢલા ગામે બપોરના સમયે એક ધાર્મિક પ્રસંગની રસોઈ બનાવતી વખતે ગેસના બાટલાની નળી લીકેજ હોય આગ લાગતા એક બાળકી સહિત પાંચ લોકો દાઝી ગયા હતા અને આગમાં આખું રસોડું ભસ્મીભૂત થઈ ગયું હતું. પેઢલા ગામે રહેતા હરેશભાઈ મૂળિયાના ઘરે ધાર્મિક પ્રસંગ હોવાથી નજીકના સગાસંબંધીઓ બોલાવ્યા હતાં. અને આ પ્રસંગ નિમિતે ગેસના ચૂલા પર રસોઈ બનતી હતી. તે વેળાએ એકાએક ગેસના બાટલાની નળીમાંથી આગની ઝાળ નીકળતા ત્યાં હાજર લોકોમાં દેકારો મચી ગયો અને નાસભાગ થઈ ગઈ હતી. અને આગની ઝપટે હરેશભાઈ ના પત્ની નીતાબેન, કાજલબેન અરવિંદભાઈ મૂળિયા, દીપકભાઈ મકવાણા તેમના પત્ની મનીષાબેન તેમજ તેમની પાંચ વર્ષની દીકરી યામી ચડી ગયા હતાં. આ પાંચેય લોકોને સારવાર માટે તરત જ જેતપુર સરકારી હોસ્પીટલ લાવવામાં આવ્યા હતાં.જેમાં તમામને સારવાર આપવામાં આવી અને ત્રણ લોકો વધુ દાઝી ગયા હોય તેઓને હોસ્પીટલમાં ખાનગીમાં રીફર કરવામાં આવ્યા હતાં.

હરેશભાઈને ઘરે ધાર્મિક પ્રસંગ હોવાથી લોકોનો જમાવડો હતો પરંતુ આગ લાગી ત્યારે સદનસીબે પાંચ જ વ્યક્તિઓ રસોડા પાસે હતાં. નહિતર વધુ લોકોને જાનહાની પહોંચી હોત. આગને કારણે ઘરનું રસોડું પણ આખુંભસ્મીભૂત થઈ ગયું હતું.

# દિવાનપરા સાડીની દુકાનમાં ૧૩ લાખની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## રાજસ્થાનના બાંસવાડાથી ચોરી કરવા બે તસ્કર રાજકોટ આવ્યા'તાઃ મનાલી ટેક્સટાઈલની બાજુમાં જ ચણતરકામ ચાલી રહ્યું હોય તેના મારફતે દુકાનમાં ઘૂસ્યા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાનપરા મેઈન રોડ ઉપર મનાલી ટેક્સટાઈલ નામની સાડીની દુકાનમાં થયેલી ૧૩ લાખની ચોરીને અંજામ આપનાર રાજસ્થાનના બાંસવાડાના કુખ્યાત તસ્કરને પકડી લેવામાં આવ્યો હતો. આ અંગેની માહિતી મુજબ ડીસીબી પીએસઆઈ વી.ડી.ડોડિયા તેમજ ટીમે નીતેશ શાંતિલાલ ખરાડી (ઉ.વ.૨૩, રહે.બાંસવાડા-રાજસ્થાન)ને ૭૮૭૦૦ની રોકડ સાથે દબોચી લીધો હતો. નીતેશની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ ચોરી તેણે રામેશ્વર ઉર્ફે રમેશ નાથુ નીનામા સાથે મળીને કરી હતી. આ બન્ને બાંસવાડાના કુખ્યાત તસ્કર છે અને રાજકોટમાં પહેલી જ વખત ચોરી કરવા માટે આવ્યા હતા. મનાલી ટેક્સટાઈલની બાજુમાં જ એક મિલકતનું ચણતરકામ ચાલી રહ્યું હોય આ બન્ને ત્યાંથી મનાલી ટેક્સટાઈલમાં ઘૂસ્યા હતા અને અંદર રહેલી રોકડ લઈને પોબારા ભણી ગયા હતા. આ બન્ને જ્યાં ચણતરકામ ચાલી રહ્યું હોય તેની બાજુમાં જ આવેલી દુકાન કે ઓફિસને નિશાન બનાવતાં હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. ચોરી કર્યા બાદ તમામ રકમ રામેશ્વર ઉર્ફે નાથુ નીનામાએ રાખી લીધી હતી અને તેમાંથી એકાદ લાખ રૂપિયા નીતેશ ખરાડીને આપ્યા હતા. બાકીની રકમ રામેશ્વર ઉર્ફે રમેશ પાસે હોય તેને તાકિદે પકડવા માટેટીમે દોડધામ યથાવત રાખી છે.

# ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી ડે.ચીફ ફાયર ઓફિસર ઠેબાની જામીન અરજી કોર્ટ ફગાવી

## અપ્રમાણસર મિલકતના ગુનામાં જામીન મુક્ત થવા કરેલી અરજી પર ૯મી એપ્રિલે સુનાવણી

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના બનાવમાં ૨૭થી વધુ લોકોના ભોગ લેવાના બનાવમાં પકડાયેલા ૧૫ આરોપી પૈકીના મહાપાલિકાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબા વિરુદ્ધ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો હતો. બંને ગુનામાં જેલ હવાલે રહેલા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબાએ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં હાઈકોર્ટે અગ્નિકાંડ કેસમાં કરેલી જામીન અરજી ફગાવી દીધી છે. જ્યારે અપ્રમાણસર મિલકતના કેસમાં કરેલી જામીન અરજીમાં મુદત પડી છે. આગામી ૯ મી એપ્રિલના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે. આ અંગેની હકીકત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક નાના મવા વિસ્તારમાં મોકાજી સર્કલ પાસે આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ગત તા. ૨૮/૫/૨૦૨૪ના રોજ આગ ફાટી નીકળતા નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવ માટે ફાયર બ્રિગેડ સહિતના વિવિધ તંત્રોની ગુનાહિત બેદરકારી બેજવાબદારી બહાર આવતા અધિકારીઓ સહિત કુલ ૧૫ આરોપીઓ સામે ગુનો નોંધીને ધરપકડ કરવામાં આવી હતી. અગ્નિકાંડ કેસમાં સંડોવાયેલા મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડના અધિકારીઓએ ભ્રષ્ટાચાર આચરી અપ્રમાણસરની પુષ્કળ મિલકતો ભેગી કરી હોવાનું ખુલતા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા જીવાભાઈ ઠેબા સામે એસીબી તંત્રએ પણ ભ્રષ્ટાચારનો ગુનો નોંધ્યો હતો. અગ્નિકાંડ અને અપ્રમાણસર મિલકતના ગુનામાં જેલ હવાલે રહેલા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા જીવાભાઈ ઠેબાએ બંને જુદા જુદા કેસમાં કરેલી જામીન અરજીઓ સેશન્સ કોર્ટ દ્વારા રદ કરવામાં આવતા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબાએ બંને કેસમાં જામીન મુક્ત થવા પોતાના વકીલ મારફત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. અગ્નિકાંડ કેસમાં કરેલી જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ હાઈકોર્ટે અગ્નિકાંડ કેસમાં કરેલી જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે. જ્યારે અપ્રમાણસર મિલકતના ગુનામાં કરેલી જામીન અરજીમાં મુદત પડી છે આગામી ૯મી એપ્રિલના રોજ અપ્રમાણસર મિલકતની જામીન અરજી ઉપર સુનાવણી હાથ ધરવામાં આવશે આ કેસમાં હાઈકોર્ટમાં સ્પે. પીપી વિરાટ પોપટ, સેશન્સ કોર્ટમાં સ્પે. પી.પી. તુષાર ગોકાણી, એડિશનલ પી.પી. નીતેપ કથીરીયા તેમજ હતભાગી પરિવારો વતી રાજકોટ બાર એસો.ના ઉપ પ્રમુખ સુરેશ ફળદુ અને ડિસ્ટ્રીકટ બાર એસો.ના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા રોકાયા હતા.

# ક્રિષ્ના સ્કૂલમાં તસ્કરના પરોણા, ૩૯ હજારની રોકડની ચોરી કરી ફરાર

## સીસીટીવી ફટેજમાં એક શખ્સ રાત્રે ત્રણ વાગ્યે સ્કૂલમાં પ્રવેશી ૪ વાગ્યે બહાર નીકળતો જોવા મળતા પોલીસે તપાસ હાથધરી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

બાલાજી હોલ નજીક આવેલી ક્રિષ્ના સ્કૂલમાં ચોરીની ઘટના સામે આવી છે. મોડી રાત્રીના સ્કૂલમાં ઘૂસેલા એક શખસે પ્રિન્સિપાલ ઓફિસમાં રહેલી રોકડ ૩૯ હજાર ઉસેડી ગયો હતો. બનાવ અંગે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, કાલાવડ રોડ રવિ પાર્ક શેરી નંબર ૧ માં રહેતા દર્શન ખીમશંકરભાઈ દવે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ ૪ વર્ષથી ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાલાજી હોલની પાછળ આવેલી ક્રિષ્ના સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે સવારે ૭ વાગ્યા આસપાસ શાળાએ જતા તેમની ઓફિસમાં ટેબલ પર પડેલા પુસ્તકો વિખરાયેલા અને કોમ્પુટર ઊંધું પડેલું જોવા મળ્યું તેમજ ઓફિસની અંદર રહેલ સીસીટીવી કેમેરો તૂટેલી હાલતમાં હોય જ્યારે ઓફિસમાં જ પડેલ પ્રાઈમરી પ્રિન્સિપાલ પ્રવિણાબેન પટેલના ટેબલના ખાના તૂટેલા હતા. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ ટેબલના ખાનામાં રોકડ રૂપિયા ૩૯.૧૦૦ જે ચોરી થયેલ હોય જેથી બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ ચેક કરતા રાત્રિના ૩ વાગ્યાની આસપાસ એક શખસ શાળામાં ઘૂસી ચોરી કરી ૪ વાગ્યા બહાર નીકળી ૧૫૦ ફૂટ રીંગ રોડ પર જતો જોવા મળે છે. પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતીમાન કર્યા છે.

# ધારીના પારડી ગામના શખ્સે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતા ૨૦ વર્ષની સજા

- બે વર્ષ પૂર્વેના કેસમાં કોર્ટે આપેલ ચુકાદોઃ ભોગ બનનારને ૭ લાખનું વળતર ચુકવવા હુકમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રહેતા પરિવારની સગીરાનુ બે વર્ષ પૂર્વે અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં સંડોવાયેલા ધારીના પારડી ગામના શખ્સને અદાલતે તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૩૦૦૦ નો દંડ તેમજ ભોગ બનનારને રૂ.૭લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. રાજકોટમાં રહેતા પરિવારની ૧૫ વર્ષ અને ૧૧ માસની સગીરાને ધારી તાલુકાના પાલડી ગામે રહેતા સાગર ચીમનભાઈ ચુડાસમા નામના શખ્સે અપહરણ કરી દુષ્કર્મ આચર્યુ હોવાની ભોગ બનનાર સગીરાના પિતાએ તા.૨૮/૧૧/૨૦૨૨ ના રોજ આરોપી સાગર ચીમનભાઈ ચુડાસમા સામે અપહરણ અને દુષ્કર્મ આચાર્યની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે સાગર ચુડાસમાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું ચાર્જશીટ બાદ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા ભોગ બનનારના પિતા, તબીબ અને પોલીસની જુબાની લેવામાં આવ્યા

બાદ બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ સ્પે. પોકસો કોર્ટે સગીરાનુ અપહરણ કરી દુષ્કર્મ આચરવાના પોકસો એકટ હેઠળના ગુનામાં આરોપી સાગર ચીમનભાઈ ચુડાસમાને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૩૦૦૦ નો દંડ તેમજ ભોગ બનનારને રૂ.૭ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

# બામણબોરના કરોડોના જમીન કૌભાંડમાં કલેક્ટરમાં ફરિયાદ

## ભરવાડ શખ્સ ખાતેદાર ન હોવા છતા ખોટા દસ્તાવેજ ઉભા કરી ભળતા નામના વ્યક્તિના નામે કૌભાડ આચર્યું





બામણબોર ગામે આવેલી કરોડોની જમીનના બોગસ દસ્તાવેજ બનાવી સબ- રજીસ્ટ્રાર અને તલાટી કચેરીના રેકર્ડમાં ચેડા કરવા બાબતે કલેક્ટર સમક્ષ કરિયાદ કરવામાં આવી છે. આ જમીન કૌભાંડમાં એક એડવોકેટની શંકાસ્પદ ભુમિકા હોય ત્યારે સમગ્ર મામલે પોલીસ તપાસના આદેશ પણ થઈ શકે છે. શહેરના નવા થોરાળા મેઈન રોડ પર રહેતા વાવજીભાઈ દેવાભાઈ સોલંકીના દાદા મેવાભાઈ લખમણને ૧૯૭૭ માં સર્વે નંબર ૪૮૮ ની આઠ એકર જગ્યા મળેલી હતી જે જમીન અંગે મેવાભાઈ ૧૯૮૩માં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા કાર્યવાહી કરી હતી. જે બાત ફરિયાદીના દાદાનું અવસાન થતાં જમીનમાં ફરિયાદીના પિતા તથા અન્ય ત્રણ વારસદારોનું નામ દાખલ કરવામાં આવેલ જેની નોંધ તલાટી રેકોર્ડમાં ૧૯૯૯ માં થયા બાદ કૌટુંબિક વહેંચણીની નોંધ પણ દાખલ થયેલ છે. જે વિગત મુજબ આ જમીન કરિયાદીના પિતા દેવા અને તેમના ભાઈ સિદાના નામે નોંધેલ છે. ત્યારે બામણબોર માં રહેતા ભરવાડ નથુ નોંધા કે જે પોતે ખાતેદાર ખેડુત ના હોવા છતાં રજીસ્ટ્રાર કચેરીના બોગસ સિક્કા બનાવી ફરિયાદીના પિતા તથા તેના ભાઈએ ડિસેમ્બર ૧૯૯૯ માં વેચાણ આપ્યા ના ખોટા દસ્તાવેજ બનાવી નોંધણી કરાવેલ બામણબોર ખાતે રહેતો નથુ નોંધા કે જે ભરવાડ જ્ઞાતિમાં પમોટાભાઈ પંથનોથ છે. તે પોતે ખાતેદાર ખેડૂત ન હતો તેથી સુરેન્દ્રનગર જિલ્લાના પીપળીયા પાંચલ ગામના સમાન નામધારી નથુ નોંથા જે નાનાભાઈ ભરવાડ પંથનો હોય તેના નામનો દૂર ઉપયોગ કરી સમગ્ર કૌભાંડ આચર્યુ હતું. જે અંગે ફરિયાદી વાઘજીભાઈ જીલ્લા કલેક્ટર કચેરીમાં લેખીત ફરિયાદ નોંધાવી હતી. તેમજ આ ફરિયાદની કોપી મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને મોકલી પોલીસ તપાસની માંગણી પણ કરવામાં આવી છે. વિગતો એવી પણ છે કે આ કૌભાંડમાં અગાઉ જમીન કૌભાંડમાં ખરડાઈ ચૂકેલા એક અટકધારી વકીલનો શંકાસ્પદ રોલ રહેલો છે. ફરિયાદી વાઘજી સોલંકી વતી એડવોકેટ વિકાસ.કે.શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ બેડવા, ફાતેમા ભારમલ વિગેરે રોકાયેલ છે.